Published on 20th January, 2020 RNI No.: MAHGUJ/2019/78228

# ઘોઘારી લોહાણા સામાજિક સંદેશ
# (Ghoghari Lohana Samajik Sandesh)

Year - 1 Volume - 3 Mumbai January - March 2020 Rs. - 5/-

લોહાણા ભવન, પાલીરામ રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૮. - મોબાઈલ : +૯૧ ૯૯૮૭૨૪૦૪૦૪
ફોન : +૯૧ - ૨૨ - ૨૬૨૮ ૩૭૧૫ - E-mail : secretary@sglm.in - Website : www.sglm.in
તંત્રી : શ્રી રમેશ હરીલાલ ગઢીયા - સહતંત્રી : શ્રીમતી મીનાબેન પ્રકાશભાઈ મગદાણી, શ્રીમતી દિવ્યાબેન ચેતનભાઈ અઢીયા



## પ્રમુખ સ્થાનેથી

મારા વહાલા જ્ઞાતિજનો,

હમણા જ હોળીનું પર્વ ગયું. શુભ તત્વનો અનિષ્ટ પર વિજય. સમાજમાં પણ આપણે બધાએ સંગઠિત થઈને આવું સરસ કાર્ય કરવું છે. સમાજના શુભ તત્વોનો વિજય થાય. બધા સાથે મળીને સારા કામ કરીએ. સમાજમાં જરૂરિયાતમંદોને કોઈ જગ્યાએ લાચાર ન થવું પડે. વરિષ્ઠ જ્ઞાતિજનો સ્વમાનભેર જીવી શકે અને તેમની જરૂરિયાત પૂર્ણ થઈ શકે તે તરફ આપણા મહાજનના પ્રયાસો છે. આપણે તે માટે અલગ અલગ સમિતિઓ બનાવી છે. અને દરેક પદાધિકારીઓ તથા કાર્યકરો ખૂબ જ નિષ્ઠાપૂર્વક પોતાની જવાબદારીઓ નિભાવી રહ્યા છે. તે બધાને ખૂબ ખૂબ અભિનંદન.

સમાજના વરિષ્ઠ જ્ઞાતિજનો માટે હમણાં એક સુંદર પ્રવાસનું આયોજન શ્રી દેવેન્દ્રભાઈ સૌમેયાના નેતૃત્વ હેઠળ કરાયું હતું. આવા સુંદર આયોજન બદલ શ્રી દેવેન્દ્રભાઈ અને તેમની સમસ્ત ટીમના સભ્યોને અભિનંદન.

મહાજન લેવલે શરૂઆતથી આપણે મહાજનના હિસાબો બાબતે પૂરી પારદર્શકતા રાખી છે. શ્રી અજીતભાઈ ઠક્કર આ બાબતે ખૂબ જાગૃત રહી પોતાની શક્તિનો પૂરો લાભ સમાજને આપે છે. તે બદલ તેમનો ખૂબ ખૂબ આભાર...

મહાજનના દરેક કાર્યો સારી રીતે ચાલે, મહાજને અંધેરી વાડી, ઝીણા બોધાની વાડી અંગે જે વચનો આપ્યા હતાં તે પૂર્ણ કરવા ખૂબ સુંદર અને નિષ્ઠાવાન પ્રયાસો થઈ રહ્યા છે. તેમાં જવાબદારી ઉપાડનાર શ્રી નીમેશભાઈ સાયાની તથા શ્રી રાજેન્દ્રભાઈ રાયચૂરા, શ્રી કૃણાલભાઈ ગઢિયા ને અભિનંદન.

હમણાં જ આપણા યુવાનોએ ક્રિકેટ સ્પર્ધામાં ખૂબ ખૂબ સારો દેખાવ કર્યો અને સુજય ઠક્કરને મેન ઓફ ધ મેચનો એવોર્ડ મળ્યો, તે સર્વે યુવાનોને હૃદય પૂર્વક બિરદાવું છું.

અત્યારે ચારે તરફ આર્થિક મંદી દેખાઈ રહી છે. આ વાતાવરણમાં વડાપ્રધાને અમલમાં મૂકેલ સ્કીલ ડેવલપમેન્ટ પ્લાનની પૂરતી માહિતી પ્રાપ્ત થાય અને સમાજના યુવાનોને ઉપયોગી થાય તેવા ઉમદા હેતુથી આપણી વાડીમાં એક સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્કીલ ડેવલપમેન્ટ વિશે સમજ આપવા માટે તેના એક્સપર્ટ મહાનુભાવોને અંધેરી વાડી પર બોલાવી ખૂબ મહત્વ પૂર્ણ માહિતી પ્રાપ્ત કરાઈ. આ કાર્યક્રમમાં શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટક પણ હાજર રહ્યા હતા. અને તેમણે આવા કાર્યક્રમને વધુ મોટા ફલક પર રજુ કરવા માટે અનુરોધ કર્યો.

રઘુવંશી લોહાણા સમાજના સંગઠનની દિશામાં એક ખૂબ સુંદર પ્રયત્ન થયો છે. આપણા મહાજનના સૂચન અને પ્રયાસોના પરિણામે મુંબઈના ચારે મોટા મહાજનો શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણીના નેતૃત્વ હેઠળ શ્રી મુંબઈ લોહાણા મહાજનોની સ્થાપના કરવામાં આવી. દરેક મહાજનના કેટલાક જ્ઞાતિ લક્ષી કાર્યો એક જ સમયે થાય જેથી તેનો લાભ બહોળા સમુદાયને પ્રાપ્ત થઈ શકે. આ સંગઠનના નેજા હેઠળ મે મહિનામાં મહા પરિષદની મધ્યસ્થ મહાસમિતીની મીટીંગનું આયોજન નક્કી કરાયું છે. જે માટે ચારે મહાજનો સક્રિય રીતે ભાગ લેશે અને અખિલ મહારાષ્ટ્ર લોહાણા મહાજન પણ તેમાં સામેલ થશે.

આ સર્વ કાર્યો મહાજનની સમસ્ત ટીમના સહિયારા પ્રયાસથી સફળ થઈ રહ્યા છે. અને તે માટે તે સૌનો ખૂબ ખૂબ આભાર.

આપ સૌને મહાજનના દરેક કાર્યોમાં સકારાત્મક વિચાર સાથે ભાગ લેવાની વિનંતી.

**- સતીષ વિઠલાણી**

## તંત્રી સ્થાનેથી

વ્હાલા વાચક મિત્રો,

૨૦૨૦ના વર્ષની હાર્દિક શુભેચ્છા ! હોળીની પવિત્ર અગ્નિમાં આપ સર્વેની નિરાશા, દુઃખ, દારિદ્ર, રોગોનું દહન થાય અને આપનું જીવન આનંદ, સુખ, શાંતિ, આરોગ્યમય બનો એજ પ્રાર્થના.

૨૦૨૦ ના વર્ષની શુભેચ્છાઓ, શ્રી ઘોઘારી લોહાણા મહાજનની ગતિવિધિઓનો અહેવાલ આપવાનો અમારો આ નમ્ર પ્રયાસ છે. આપના પ્રતિભાવની હંમેશા અપેક્ષા હોય છે. તો પ્રતિભાવ જરૂર આપશો. આ મુખપત્ર તૈયાર કરવામાં સહયોગ આપનાર મારા સહયોગીઓ તથા મુખપત્રના જાહેરખબર દાતાઓનો ખૂબ ખૂબ આભાર માનું છું. આપનો સહયોગ આ રીતે ભવિષ્યમાં પણ મળતો રહેશે તેવી અપેક્ષા રાખું છું. અંતમાં સર્વે ભવન્તુ સુખી નઃ, સર્વે સંતુ નિરામયઃ.

**- રમેશ હરીલાલ ગઢીયા**

VAJANI

ફરજ • આદર • ગર્વ

*With Best Wishes From*

# *Vajani Foundation*

*a philanthropic initiative under the virtuous leadership of Smt. Bina Vajani*

*The wise work for the welfare of the world, without thought for themselves.*

*The offering of Wisdom is better than any material offering.*

*- Bhagavad Gita*

*54, Anand Lok, New Delhi - 110 049*
*Krishna Villa, Monghibai Road, Vile Parle [East], Mumbai - 400 057*
*E: vajanifoundation@vajanis.com*

# કારોબારી અહેવાલ - તારીખ ૧૬.૦૨.૨૦૨૦

શ્રી ઘોઘારી લોહાણા મહાજન - મુંબઈ ટ્રસ્ટબોર્ડ તથા વ્યવસ્થાપક સમિતિની સંયુક્ત સભા રવિવાર, તારીખ ૧૬.૦૨.૨૦૨૦ના સવારે ૧૦.૦૦ કલાકે શ્રી ઘોઘારી લોહાણા મહાજનવાડી, લોહાણા ભુવન, પાલીરામ રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૮ મધ્યે મળી હતી. સભાના પ્રમુખ સ્થાને સંસ્થાના પ્રમુખશ્રી સતીષભાઈ વિઠલાણી રહ્યાં હતાં.

સભાની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી.

### કાર્યસૂચિ નં. ૧ - તારીખ ૧૭.૧૧.૨૦૧૯ની સભાની મિનિટ્સનું વાંચન તથા બહાલી.

માનંદ્મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ રાયચુરાએ તારીખ ૧૭.૧૧.૨૦૧૯ની સભાની મિનિટ્સનું વાંચન કર્યું હતું. સભ્યો તરફથી કોઈ સુધારા ન સૂચવાતા મિનિટ્સને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.

### કાર્યસૂચિ નં. ૨ - મહાજનશ્રીના તારીખ ૦૧.૦૪.૨૦૧૯ થી તારીખ ૩૧.૦૧.૨૦૨૦ સુધીના હિસાબોની રજુઆત.

મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અજીતભાઈ ઠક્કરે શ્રી ઘોઘારી લોહાણા મહાજનશ્રીના હિસાબોની વિસ્તૃત રજુઆત કરી હતી. શ્રી અજીતભાઈ ઠક્કરે સભ્યોની જાણકારી માટે સહુને હિસાબની કૉપી આપી હતી. ઉપસ્થિત સર્વે સભ્યોએ હિસાબોને સર્વાનુમતે બહાલી આપી હતી. પ્રમુખશ્રી સતીષભાઈએ શ્રી અજીતભાઈના કાર્યને બિરદાવ્યું હતું. અને સભ્યોએ તાળીઓથી તેમનું અભિવાદન કર્યું હતું.

### કાર્યસૂચિ નં. ૩ - વર્ષ ૨૦૨૦ - ૨૦૨૧ ના બજેટની રજુઆત.

મેનજીંગ ટ્રસ્ટી શ્રી અજીતભાઈ ઠક્કર દ્વારા શ્રી ઘોઘારી લોહાણા મહાજનશ્રીના આગામી વર્ષ ૨૦૨૦ - ૨૦૨૧ના બજેટની જાણકારી આપવામાં આવેલ હતી.

### કાર્યસૂચિ નં. ૪ - મુંબઈ મકાન જીણા બોધાની વાડી તથા અંધેરી વાડી બાબતે ચર્ચા-વિચારણા.

મુંબઈ મકાન જીણા બોધાની વાડીનું કાર્ય રાબેતા મુજબ ચાલી રહ્યું છે. શ્રી નિમેષભાઈ સાયાણી જીણા બોધાની વાડીનો કાર્યભાર સુંદર રીતે સંભાળી રહ્યાં છે.

અંધેરી વાડી બાબતે પ્રમુખ શ્રી સતીષભાઈ વિઠલાણીએ શ્રી રાજેન્દ્રભાઈ રાયચુરાના કાર્યને બિરદાવ્યું હતું. શ્રી કૃણાલભાઈ ગઢીયા તથા શ્રી કુલેશભાઈ ત્રિવેદીના કાર્યની પ્રશંસા કરી હતી.

### કાર્યસૂચિ નં. ૫ - આગામી કાર્યક્રમ યાત્રા પ્રવાસ, સ્કીલ ડેવલપમેન્ટ અને વોકેશનલ ગાઈડન્સ સેમિનાર તથા મેડિકલ ચેક અપ કેમ્પ બાબતે ચર્ચા-વિચારણા.

તારીખ ૨૩.૦૨.૨૦૨૦ થી તારીખ ૦૨.૦૩.૨૦૨૦ દરમ્યાન યોજાનાર યાત્રા પ્રવાસની માહિતી ઉપપ્રમુખ શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયા દ્વારા આપવામાં આવી હતી.

તારીખ ૨૯.૦૨.૨૦૨૦ ના રોજ યોજવામાં આવનાર સ્કીલ ડેવલપમેન્ટ અને વોકેશનલ ગાઈડન્સ સેમિનારની વિસ્તૃત જાણકારી ટ્રસ્ટી ધર્મીબેન મગદાણી દ્વારા આપવામાં આવી હતી.

તારીખ ૨૨.૦૩.૨૦૨૦ના રોજ યોજવામાં આવનાર મેડિકલ કેમ્પની વિસ્તૃત જાણકારી માનદ્મંત્રી શ્રી પ્રકાશભાઈ મગદાણી દ્વારા આપવામાં આવી હતી.

### કાર્યસૂચિ નં. ૬ - મુંબઈ ખાતે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની આગામી મધ્યસ્થ મહાસમિતિ તથા કારોબારી સમિતિની બેઠકનું અખિલ લોહાણા સમાજ તથા મુંબઈના લોહાણા મહાજન દ્વારા સંયુક્ત આયોજન કર્યું છે તે વિશે જાણકારી.

મહાજનના પ્રમુખ શ્રી સતીષભાઈ વિઠલાણીએ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની આગામી મધ્યસ્થ મહાસમિતિ તથા કારોબારી સમિતિની બેઠકનું, અખિલ લોહાણા સમાજ તથા મુંબઈના વિવિધ લોહાણા મહાજન દ્વારા સંયુક્ત આયોજન આ વર્ષે મુંબઈમાં કરવું તેવી જાણકારી આપી હતી. લોહાણાના ચારેય મહાજન, શ્રી ઘોઘારી લોહાણા મહાજનના નેજા હેઠળ શ્રી હાલાઈ લોહાણા મહાજન, શ્રી કચ્છી લોહાણા મહાજન તથા શ્રી નગરઠઠ્ઠા લોહાણા મહાજનના સંયુક્ત ઉપક્રમે શ્રી મહેન્દ્રભાઈ ધેલાણીના નેતૃત્વ હેઠળ કરવી તેવું નક્કી કરાયું છે.

### કાર્યસૂચિ નં. ૭ - પ્રમુખશ્રીની રજાથી વધારાના કામમાં જે રજુ થાય તે પર ચર્ચા-વિચારણા.

અંતમાં વધારાનું કંઈ કામ-કાજ ન રહેતા ઉપસ્થિત સભ્યો તથા પ્રમુખશ્રીનો આભાર માની સભા પૂરી થયેલી જાહેર કરવામાં આવી હતી.

## આપણી જ્ઞાતિના ઉભરતા લેખક ભાઈ-બહેનો માટે

આપના મૌલિક, પ્રગટ - અપ્રગટ સાહિત્ય લેખો, કાવ્ય, લઘુકથા, જ્ઞાતિના કાર્યલયમાં મોકલવા કે જેથી સગવડતા પ્રમાણે આપણા મુખપત્રમાં છાપી વાચકો સુધી પહોંચાડી શકાય. તે માટે નીચે દર્શાવેલ બાબતોની ખાસ નોંધ લેવા વિનંતી.

૧) લખાણ કાગળની એક જ બાજુ પર લખવા વિનંતી.
૨) લખાણ વાંચી શકાય તેવા સુંદર અને સ્પષ્ટ અક્ષરમાં લખવુ જરૂરી.
૩) મોકલનારે પોતાનું નામ, સરનામું, સભ્ય નંબર તથા ફોન નંબર લખવો જરૂરી છે.
૪) લખાણ દરેક મહિનાની ૧૫ તારીખ પહેલા કાર્યાલયમાં મળી જવું જરૂરી છે.
૫) કૃતિઓ, લેખો, કાવ્યો વગેરે ગુણવત્તાના ધોરણે સંપાદક મંડળના નિર્ણયને આધારે જ સ્વીકારાશે. તથા છપાશે, જે માટે કોઈપણ જાતના ખુલાસા કે ચર્ચાનો અવકાશ રહેશે નહીં.






## મેડિકલ કેમ્પની તારીખ મુલતવી રાખવા બદલ

**સમગ્ર દુનિયાના નિષ્ણાંતોની સુચના મુજબ Covid-19, નોવેલ કોરોના વાઈરસના ફેલાવવાને રોકવાના પ્રયાસ રૂપે લોકોના સમુહમાં ભેગા થવા પર પાબંદીના ભાગ રૂપે આપણા મહાજન દ્વારા આયોજિત ૨૨ માર્ચ ૨૦૨૦ નો મેડિકલ કેમ્પ મુલતવી રાખવામાં આવ્યો છે. નવી તારીખની જાહેરાત પછીથી કરવામાં આવશે.**

શ્રી ઘોઘારી લોહાણા મહાજનશ્રીના મુખપત્ર સંદેશમાં આપના વ્યવસાયની અથવા સૌજન્યની જાહેરખબર આપી જ્ઞાતિના કાર્યમાં સહભાગી થવા વિનંતી.

### જાહેર ખબરના દર

| | | |
|---|---|---|
| ફૂલ પેજ | - ૧૦,૦૦૦/- | - 7.25" x 9.25" |
| હાફ પેજ | - ૬,૦૦૦/- | - 7.25" x 4.50" |
| કવાર્ટર પેજ | - ૩,૦૦૦/- | - 3.75" x 4.50" |
| વિઝીટીંગ કાર્ડ | - ૫૦૦/- | - 3.75" x 2.15" |

જાહેર ખબરની રકમ એકાઉન્ટ પેઈડ ચેક દ્વારા **'શ્રી ઘોઘારી લોહાણા મહાજન'** ના નામે અંધેરી ઑફિસે મોકલવા વિનંતી.

શ્રી ઘોઘારી લોહાણા મહાજનશ્રી દ્વારા મહાજનશ્રીએ ઠરાવેલ વિસ્તાર મુજબના જ્ઞાતિજનોને આર્થિક સહાય, શૈક્ષણિક સહાય તથા સ્વાસ્થ્ય (મેડિકલ) સહાય આપવામાં આવે છે. આ ઉપરાંત અન્ન સહાય પણ આપવામાં આવે છે.

જે પણ સભ્યોને એપ્રિલ ૨૦૧૮ થી એપ્રિલ ૨૦૧૯ માર્ચ સુધી કોઈપણ સહાય જેવી કે આર્થિક, શૈક્ષણિક, તબીબી વગેરે લેવી હોય તેમણે **KYM** ફોર્મ પુરૂં ભરીને નીચે જણાવેલ બધા જ ડૉકયુમેન્ટ સાથે મહાજનશ્રીની ઑફિસમાં સમયસર જમા કરાવવા. જે માટેના જરૂરી ફોર્મ આપણી અંધેરીની વાડીના કાર્યાલયમાંથી પૂર્ણ વિગત સાથે ભરી જરૂરી દસ્તાવેજો સાથે ઑફિસમાં આપી જવા. સંપર્ક માટે નીચેના ફોન નંબર પર સંપર્ક કરવા વિનંતી. ઑફિસ : ૦૨૨-૨૬૨૮૩૭૧૫, મોબઈલ : ૯૯૮૭૨ ૪૦૪૦૪.

૧) છેલ્લા બાર મહિનાના ઈલેકટ્રીક અને ટેલિફોનના બીલ. ૨) મેઈનટેનન્સ બીલ અને ભાડા ચીઠ્ઠી અથવા ભાડાનું એગ્રીમેન્ટ કોપી. ૩) ઘરના દરેકે દરેક સભ્યોની છેલ્લા બાર મહિનાની પાસબુક. ૪) દરેક સભ્યના પેનકાર્ડ, આધાર કાર્ડની કોપી તથા ફોટા. ૫) કમાતા દરેક વ્યક્તિના આવકનું પ્રમાણપત્ર અથવા **ITR** ની કોપી. ૬) ઓરીજીનલ ડોકયુમેન્ટ જોવા માટે સાથે લાવવા જરૂરી છે.

**નોંધ :** ઉપર જણાવેલ ડૉકયુમેન્ટમાંથી કોઈપણ ડૉકયુમેન્ટ નહી હોય તો અથવા ફોર્મમાં પૂરી વિગતો નહીં ભરાઈ હોય તો ફોર્મ રદ બાતલ ગણાશે.

# વડલો - યાત્રા પ્રવાસ






શ્રી ઘોઘારી લોહાણા મહાજનના નેજા હેઠળ વડલો રઘુવંશીનો દ્વારા આયોજીત ૪(ચાર) દિવસનો પ્રવાસ તારીખ ૧૦.૧૨.૨૦૧૯ થી તારીખ ૧૩.૧૨.૨૦૧૯ સુધી સુંદર રીતે સંપન્ન થયો.

એ.સી. બસ દ્વારા તારીખ ૧૦.૧૨.૨૦૧૯ ના રાતના ૧૧.૫૦ કલાકે અંધેરી થી સહુએ હર્ષોલ્લાસ સાથે પ્રસ્થાન કર્યું હતું.

પ્રવાસમાં સરદાર સરોવર **(Statue of Unity)**, સ્વામી નારાયણ મંદિર નોરતા, વિશ્વંભરી માતા મંદિર (અતુલ) અને દાંડીકૂચ જેવા પ્રસિધ્ધ સ્થળોએ ફરીને સહુએ ગમ્મત કરતાં કરતાં જ્ઞાન મેળવ્યું હતું.

**"જીવ્યાં કરતાં જોયું ભલું."** એ કહેવત જાણે સાકાર થઈ હતી.



ઉપરોક્ત પ્રવાસ માટે શ્રી જનકભાઈ ઠક્કર દ્વારા રૂા. ૨૫,૦૦૦/- નું ડોનેશન આપવામાં આવ્યું હતું.

તારીખ ૧૩.૧૦.૨૦૧૯ ના રાત્રે સહુનું સહી સલામત આગમન થયું હતું.

પ્રવાસની મીઠી યાદો સાથે સહુ છૂટા પડયાં હતાં. આ યાત્રા પ્રવાસના સફળતાનું સંપૂર્ણ શ્રેય શ્રી ભદ્રેશભાઈ સૌમૈયાને જાય છે.



# અભિનંદન




ઈ વેસ્ટ રી સાઈકલિંગ કંપનીના ફાઉન્ડર અને સીઈઓ

**શ્રી કરણ કિર્તીભાઈ ઠક્કર** ને

**"ET NOW 51 GREEN LEADERS AWARD"**

તેમના ઈ વેસ્ટ ક્ષેત્રે યોગદાન બદલ આપવામાં આવ્યો હતો.

# અંધેરી વાડી ખાતેનો હૉલ તથા ડાયનીંગ હોલ રસોડું તથા બે અદ્યતન રૂમો



મીટીંગ રૂમ



લગ્ન / પાર્ટી હૉલ



રૂમ નં. ૧



રૂમ નં. ૨



રસોડું



ડાયનીંગ રૂમ

**અગાઉથી બુકિંગ માટે સંપર્ક કરવો.**

લોહાણા ભવન, પાલીરામ રોડ, અંધેરી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૫૮. - મોબાઈલ : +૯૧ ૯૯૮૭૨૪૦૪૦૪
ફોન : +૯૧ - ૨૨ - ૨૬૨૮ ૩૭૧૫ - E-mail : secretary@sglm.in - Website : www.sglm.in

# યાત્રા પ્રવાસ



શ્રી ઘોઘારી લોહાણા મહાજન તરફથી દર વર્ષની જેમ આ વર્ષે પણ ફેબ્રુઆરી મહિનામાં તા. ૨૩.૦૨.૨૦૨૦ થી તા. ૨.૩.૨૦૨૦ સુધી યાત્રા પ્રવાસનું આયોજન અનમોલ ટ્રાવેલ્સવાળા મનોજભાઈ સોનીના સથવારે કરવામાં આવ્યું હતું.

આ યાત્રા પ્રવાસમાં કુલ ૩૫ જણાએ ભાગ લીધો હતો. આ વર્ષે ઉદયપુર, શ્રીનાથજી, પુષ્કર તથા જયપુરની યાત્રા કરાવવામાં આવી હતી.

તા. ૨૩.૦૨.૨૦૨૦ રવિવારે સાંજે ૪.૧૫ કલાકે યાત્રાળુઓએ બાન્દ્રા ટર્મિનસથી ટુ ટાયર અને ત્રી ટાયર એ.સી. માં યાત્રાનું શુભ પ્રસ્થાન કર્યું હતું. સર્વે યાત્રાળુઓ તા. ૨૪.૦૨.૨૦૨૦ સોમવારે ઉદયપુર પહોંચ્યાં હતાં અને હોટલમાં પહોંચી ચા-નાસ્તો કરી આરામ કરી અને બપોરના જમણની મજા માણી ઉદયપુરના વિવિધ સ્થળો જેવા કે ચેતક સ્મારક - સહેલીયોં કી બાડી, સરોવર તથા મ્યુઝિયમ વગેરે સ્થળોની મુલાકાત લઈ અને હૉટલમાં રાત્રી મુકામ કર્યો હતો. ત્યારબાદ તા. ૨૫.૦૨.૨૦૨૦ મંગળવારના રોજ ઉદયપુરની હોટલ માંથી નીકળી યાત્રાળુઓએ ચિતોડગઢ, શ્રીનાથજી તરફ પ્રયાણ કર્યું હતું. ચિતોડગઢમાં રાણી પદમાવતી મહેલ તથા અન્ય જોવાલાયક ઐતિહાસિક સ્થળો અને મ્યુઝિયમની મુલાકાત લઈ રાત્રે શ્રીનાથજી પહોંચ્યા હતાં. અને રાત્રી મુકામ કર્યો હતો.

તા. ૨૬.૦૨.૨૦૨૦ બુધવારના શ્રીનાથજીમાં વહેલી સવારે મંગળાના દર્શનનો અને આખા દિવસના આઠે સમાના દર્શનનો વૈષ્ણવોએ લાભ લીધો હતો. અને રાત્રી મુકામ પણ શ્રીનાથજીમાં જ કર્યો હતો. મહાજન તરફથી દરેક કુટુંબને સુદર્શનની ભેટના રૂા. ૨૫૦/- ભરીને સેવાનો લાભ અપાયો હતો.

તા. ૨૭.૦૨.૨૦૨૦ ગુરૂવારના સવારે ચા-નાસ્તા અને દર્શનનો લાભ લઈ સર્વે વૈષ્ણવોએ કાંકરોલી થઈ ચારભૂજાના દર્શન કરી બપોર પછી સર્વે પુષ્કર પહોંચી સાંજે બ્રહમાજીના મંદિરે દર્શન કરી અને ગાયત્રી સરોવરની મુલાકાત લીધી અને રાત્રી મુકામ પુષ્કરમાં કર્યો હતો.

તા. ૨૮.૦૨.૨૦૨૦ શુક્રવારના સવારે પુષ્કરથી રવાના થઈ સર્વે યાત્રાળુઓ જયપુર પહોચ્યા હતાં. આરામ કરી બપોરના જમણ પછી સર્વે યાત્રાળુઓએ નજીકના જોવાલાયક સ્થળોની મુલાકાત લીધી હતી અને રાત્રી મુકામ જયપુરમાં કર્યો હતો.

તા. ૨૯.૦૨.૨૦૨૦ના શનિવારના રોજ ચા-નાસ્તો કરી સર્વે વૈષ્ણવોએ દિવસ દરમ્યાન જયપુરમાં આંબેરનો કિલ્લો, રાજાનો મહેલ, હવા મહેલ વગેરે ઐતિહાસિક સ્થળોની મુલાકાત લીધી અને રાત્રી મુકામ જયપુરમાં કર્યો હતો.

તા. ૧.૦૩.૨૦૨૦ રવિવારે સવારે સર્વેએ ચા-નાસ્તો કરી, શોપિંગની મજા લીધી અને બપોરના જમણ કરી, સર્વેએ બપોરે ૧.૦૦ વાગ્યે સ્ટેશન તરફ પ્રયાણ કર્યું અને તા. ૦૨.૦૩.૨૦૨૦ સોમવારે સર્વે વૈષ્ણવો યાત્રાની મજા માણી આનંદ કરતા હસતા-ગાતા સવારે મુંબઈ પહોંચ્યા હતાં. સંપૂર્ણ યાત્રા હોટલમાં રહેવાનું તથા જમવાનું સુંદર આયોજન કરાયું હતું. આ યાત્રા પ્રવાસના સફળતાનું સંપૂર્ણ શ્રેય શ્રી દેવેન્દ્રભાઈ સૌમૈયાને જાય છે.





# ફક્ત સિનીયર સિટિઝન્સ (વયસ્ક નાગરિકો) ને મળતાં વિશિષ્ટ લાભો અને સગવડો

**ભારતમાં ૬૦ વર્ષથી મોટી ઉંમરના દરેક નાગરિકો, પેન્શનરોને કેન્દ્ર, રાજ્ય સરકાર દ્વારા વિશિષ્ટ સગવડો અને લાભો આપવામાં આવે છે.**

## આવકવેરા અને બચતો ઉપર લાભ

- ૬૦ વર્ષની ઉંમર પછી રૂા. ૩(ત્રણ) લાખ સુધી આવકવેરામાં મુક્તિ. (એડવાન્સ ટેક્ષ નહીં).
- ૮૦ વર્ષની ઉંમર પછી રૂા. ૫(પાંચ) લાખ સુધી આવકવેરામાં મુક્તિ.
- ૧.૫ લાખ સુધી ખાસ રોકાણો સામે આવકવેરામાં મુક્તિ.
- મેડિકલેમ, વીમા પ્રિમિયમમાં રૂા. ૨૦(વીસ) હજાર સુધી કરમુક્તિ.
- હૃદયરોગ, કેન્સરની સારવાર માટે કરેલ ખર્ચના રૂા. ૬૦(સાહીઠ) હજાર સુધી કરમુક્તિ.
- ૧૫-એચ ફોર્મ ભરવાથી વ્યાજની આવક ઉપર ટી.ડી.એસ. કપાશે નહીં.
- પોસ્ટ ઑફિસ, બેંકોમાં મુકેલ થાપણો ઉપર ૦.૨૫ થી ૧.૦૦ ટકા સુધી વધુ વ્યાજ મળે છે.
- પ્રાઈમ મીનીસ્ટર પેન્સન યોજના દ્વારા ૮.૭ ટકાના દરે દર ૩ મહિને વ્યાજની આવક મળે છે.
- પોસ્ટ ઑફિસમાં રૂા. ૧૫ લાખ સુધી ૫ થી ૮ વર્ષ ડિપોઝીટ મુકી શકાય છે.
- ૬૦ થી ૮૦ વર્ષના નાગરિકને ૯૦ વર્ષ સુધી રૂા. ૧ લાખનું મેડિકલ સારવાર વીમા કવચ મળે છે.
- રૂા. ૨(બે) લાખ સુધીનું વીમા કવચ (વિશિષ્ટ રોગો સામે)મળે. (એક વર્ષ પછી હયાત રોગો સામે પણ).

## ટેલીફોન, રેલ્વે, ઉડ્ડયન, એ.એમ.ટી.એસ. ક્ષેત્રે લાભ

- ટેલીફોન જોડાણ અને ફરિયાદના નિકાલ માટે ખાસ અગ્રતા બ્રોડબેન્ડના ભાડામાં ૨૦ ટકા રાહત.
- અમદાવાદ સીટી બસમાં સિનિયર સિટિઝન પાસ દ્વારા ૫૦ ટકા રાહત મળે છે.
- રેલ્વે ટિકીટના ભાડામાં પુરૂષોને ૪૦ અને મહિલાઓને ૫૦ ટકા રાહત મળે છે. (પ્રવાસ સમયે ઉંમરનો પુરાવો રાખવો).
- હૃદય, કેન્સરના દર્દી અને એક સાથીને ઘરેથી હોસ્પિટલ જવા રેલ્વે ભાડામાં ૭૫ ટકા રાહત.
- રેલ્વેમાં એસી અને સ્લીપર ક્લાસમાં નીચેની બેઠક માટે કોટા અલગ છે.
- રેલ્વે ટિકીટ, બેંકોની લાઈનોમાં અલગ વ્યવસ્થા મળે.
- એર ઈન્ડિયા ૬૦ વર્ષના નાગરિકને મોટા દેશોના ઈન્ટરનેશનલ પ્રવાસ માટે (મૂળ ભાડામાં) ૫૦ ટકા રાહત આપે છે.
- સહારા એર લાઈન્સ ૬૫ વર્ષના નાગરિકોને નેશનલ પ્રવાસ માટે ૫૦ ટકા રાહત આપે છે.
- કોર્ટમાં વરિષ્ઠ નાગરિકોના કેસ ચલાવવા અગ્રતા ઉપરાંત કેટલીક સંસ્થાઓ દ્વારા વિના મૂલ્યે કાનુની સલાહ મળે છે.

## શ્રવણ તીર્થ દર્શન યોજના (ગુજરાત સરકાર દ્વારા)

- વરિષ્ઠ નાગરિકો ૩૦ અથવા તેથી વધુ સંખ્યામાં ગ્રુપ બનાવીને તીર્થયાત્રા (૨ રાત્રિ/ ૩ દિવસ) જવા માટે બસ ભાડામાં ૫૦ ટકા રાહત મળશે. (માહિતી માટે www.yatradham.gujart.gov.in).

## રિવર્સ મોર્ટગેઝ યોજના

- વરિષ્ઠ નાગરિકો પોતાની માલિકીનું ઘર બેંકમાં ગીરવે મૂકીને મહિને આવક મેળવી શકે છે. જેમાં જીવે ત્યાં સુધી ઘરનો કબજો પોતાની પાસે જ રહે છે. લોનના કોઈ જ ટકા કે વ્યાજ ચુકવવાના નથી. પોતાની કોઈ અન્ય આવક હોવી જરૂરી નથી.

## સિનીયર સિટિઝન ઓળખ પત્ર

- કલેકટર કચેરીમાં જન સેવા કેન્દ્ર દ્વારા અને પોસ્ટ ઑફિસો દ્વારા ઉપરોક્ત ઓળખપત્ર મળે છે.

## સલામતી / પોલીસ રક્ષણ

- એકલા રહેતા વૃધ્ધો દ્વારા પોલીસ કમીશ્નરશ્રીને જાણ કરવાથી ખાસ સંભાળ રાખવામાં આવે છે.

## અન્ય લાભો

- નિવૃત સરકારી કર્મચારી/અધિકારીને (કુટુંબીજનો સાથે) રાજ્ય સરકારનાં અતિથિગૃહોમાં રહેવા તથા જમવાની સગવડ મળે છે.
- પેન્શનર (સરકારી)નું અવસાન થાય ત્યારે એક માસનું પેન્શન અંત્યેષ્ઠી વિધિ માટે મળે છે.
- વરિષ્ઠ નાગરિક પોતાના સંતાનો, વારસદારો પાસેથી ભરણ પોષણ (ખોરાક, તબીબી સારવાર, આનંદના સાધનો) માટે કાયદેસર રકમ મેળવી શકે છે.

## સિનિયર સિટીઝન હોમ્સ

- અમદાવાદ, અમરેલી, આણંદ, ભાવનગર, બનાસકાંઠા, ભરૂચ, દાહોદ, ગાંધીનગર, જુનાગઢ, જામનગર, કચ્છ, ખેડા, મહેસાણા, નવસારી, નર્મદા, પાટણ, પોરબંદર, પંચમહાલ, રાજકોટ, સાબરકાંઠા, સુરેન્દ્રનગર, સુરત, વડોદરા આ ૨૩ જિલ્લાઓમાં સરકાર માન્ય ચલાવાતા ૨૬ અને અન્ય ૧૫૨ મળીને ગુજરાત રાજ્યમાં કુલ ૧૭૮ થી વધુ સિનિયર સિટીઝન હોમ્સ વૃધ્ધોની સેવા માટે કાર્યરત છે.

## વિલ : સિનિયર સિટિઝનનો હક

- સમાજ વિકાસના જરૂરીયાત છે. દરેકનું મૃત્યુ નિશ્ચિત છે. માટે જ મૃત્યુબાદ વારસદારોમાં ઝગડા, વાદ-વિવાદ, કોર્ટ કેસના નિવારણ અને શાંત અને વિકિસત સમાજના નિર્માણ માટે વિલ કરવું આવશ્યક છે. નિઃસંતાન, વિધવા, વિધુર, અપરણિત વડિલોએ પોતાનું વિલ અવશ્ય કરવું જોઈએ.
- વિલ બનાવવું બહુ જ સરળ છે. એક સાદા કાગળ ઉપર લખી શકાય, કોઈ જ સ્ટેમ્પ લગાવવાની જરૂર નથી. વિલમાં ગમે ત્યારે સુધારો કરી શકાય. વિલ અંગે યોગ્ય માહિતી મેળવીને વ્યવસ્થિત વિલ બનાવી શકાય. વિલ અંગે વધુ જ્ઞાન મેળવવું આવશ્યક છે.

### ખાસ નોંધ

પ્રસ્તુત અંકમાં પ્રકાશિત લેખો, મંતવ્યો તથા વ્યક્ત થયેલા વિચારો જે તે લેખકમા છે. લેખોમાં પ્રકાશિત માહિતીની જવાબદારી લેખ મોકલનારની અને જાહેરખબરમાં પ્રકાશિત માહિતીની જવાબદારી જાહેરખબર કર્તાની રહેશે. આ માટે મહાજનશ્રી, તેના પદાધિકારીઓ, સભ્યો, મુખપત્રના તંત્રી, સહતંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક જવાબદાર રહેશે નહીં.

Vajani Wealth Management
Vajani Securities Pvt. Ltd.

Services offered by Vajani Wealth Management

- Equity
- Mutual Funds
- Portfolio Management Services
- IPOs
- Fixed-Income
- Private Equity
- Alternate Investment Funds
- Real Estate Funds

301/302, Sangam Arcade, Vallabhai Patel Road,
Vile - Parle (W), Mumbai - 400 056,
Contact: 022-26127723, 9987053355. Email: info@vajani.in

## તબીબી સહાય સમિતિ અહેવાલ

આપણા મહાજનના સભ્યોને તબીબી સહાય અગ્રતાક્રમે પૂરી પાડવામાં આવે છે. આપણા સમાજના કોઈપણ સભ્યને હૉસ્પિટલ તથા દવાના અભાવે સહન ન કરવું પડે તેની પુરતી કાળજી લેવામાં આવે છે. ડિસેમ્બર ૨૦૧૯ થી ફેબ્રુઆરી ૨૦૨૦ સુધીમાં ૩૩ સભ્યોને રૂા. ૭૫,૫૩૦/- ની ઔષધો ફ્રી માં આપવામાં આવી હતી.

હૉસ્પિટલની સહાય પેટે ૧ સભ્યની અરજી આવેલ હતી અને તેમને રૂા. ૪૦,૦૦૦/- ની સહાય ડિસેમ્બર ૨૦૧૯ થી ફેબ્રુઆરી ૨૦૨૦ સુધીમાં આપવામાં આવી હતી. આમ કુલ રૂા. ૧,૧૫,૫૩૦/- ની ઔષધીય તથા મેડિકલ સહાય અપાય હતી.

**- શ્રી પ્રકાશભાઈ મગદાણી (તબીબી સહાય સમિતિ કન્વીનર)**

મહાજન દ્વારા અપાતી ઔષધ સહાયની સેવાઓનો હાલમાં લાભ લેતા સભ્યો તથા ભવિષ્યમાં લેવાની ઈચ્છા રાખનારા સભ્યોએ ખાસ નોંધ લેવાની કે, હવે પછી થી તાત્કાલિક અમલમાં આવે તે રીતે તમે તમારા ડૉકટર પાસે ચેક-અપ કરાવવા જાઓ તો, તમારા ડૉકટરને ખાસ ભલામણ કરવી કે તેઓ જેનરીક દવાઓ લખી આપે સરકારના ફરમાન અને સૂચન મુજબ મોંઘી પેટન્ટ દવાઓને બદલે જેનરીક દવાઓના પ્રીસ્ક્રીપસન લખાવવા. જેથી મહાજન વધુમાં વધુ સભ્યોને ઔષધી સહાયનો લાભ આપી શકે.

## શિક્ષણ સહાય સમિતિ અહેવાલ

આગામી વર્ષની શિક્ષણ સહાયના ફોર્મ વિતરણની તારીખ હવે પછીથી જાહેર કરવામાં આવશે. જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓએ સમયસર ફોર્મ ઑફિસ માંથી મેળવી લેવા અને જરૂરી ડોક્યુમેન્ટસ સાથે સંપૂર્ણ રીતે ભરેલું ફોર્મ સમયસર ઑફિસમાં જમા કરી દેવા.

- **કુ. ધર્મીબેન મગદાણી** (શિક્ષણ સહાય સમિતિ કન્વીનર)

## આર્થિક સહાય સમિતિ અહેવાલ

આપણા સમાજના આર્થિક રીતે નબળા સભ્યોને નબળી આર્થિક સ્થિતિને હિસાબે જીવન નિર્વાહ મુશ્કેલ ન બને તેની સતત તકેદારી રખાઈ રહી છે. જાન્યુઆરી ૨૦૨૦ થી માર્ચ ૨૦૨૦ કુલ ૫૬ સભ્યોને રૂા. ૪,૫૪,૫૦૦/- ની સહાય અપાય હતી.

એક સભ્યને વૃધ્ધાશ્રમ માટે રૂા. ૩,૦૦૦/- ની સહાય અપાય હતી. આમ કુલ ૫૭ સભ્યોને રૂા. ૪,૫૪,૫૦૦/-ની સહાય અપાય હતી.

**- શ્રી મનોજભાઈ ગઢીયા (આર્થિક સહાય સમિતિ કન્વીનર)**

### અભિનંદન

શ્રી ઘોઘારી લોહાણા મહાજનને એક વૈષ્ણવ સભ્ય તરફથી રૂા. ૧(એક) લાખની સહાય અનાજ વિતરણ માટે આપેલ છે. શ્રી ઘોઘારી લોહાણા મહાજન તેમનો આભાર માને છે.

શ્રી ઘોઘારી લોહાણા મહાજનના સભ્ય શ્રધ્ધાબેન વિજયભાઈ સોઢા તથા કવિતાબેન વિજયભાઈ સોઢા તરફથી રૂા. ૧૧,૦૦૦/- નું અનુદાન પ્રાપ્ત થયેલ છે. શ્રી ઘોઘારી લોહાણા મહાજન તેમના આભારી છે.

આપણા સમાજના સભ્યોના પરિવારના શુભ તથા અશુભ પ્રસંગોની વિગતો આપણા મુખપત્રમાં નિઃ શુલ્ક, જગ્યાની સગવડતા અનુસાર છાપવામાં આવશે. જેની વિગત ટૂંકાણમાં આધાર કાર્ડની ઝેરોક્ષ કોપીની સાથે સમયસર અંધેરી ઑફિસમાં મોકલવી જરૂરી છે.

આ મુખપત્રમાં છપાયેલ માહિતી, લેખો તથા અન્ય વિગતો મુખપત્રના પ્રકાશક, તંત્રી કે લેખકની લેખિત પરવાનગી વગર અન્યત્ર છાપવી નહીં.

### Stand Up India - Start Up India

ગૃહઉદ્યોગ, લઘુઉદ્યોગ, લઘુ રોજગાર દ્વારા પોતાના સ્વબળે આગળ અને ઉપર આવવા માગતા સભ્યોએ પોતાની યોગ્યતા પ્રમાણે તથા જરૂરિયાત મુજબ જરૂરી દસ્તાવેજો સાથે મહાજનશ્રીના કાર્યાલયમાં અંધેરી ખાતે શ્રી મનોજભાઈ ગઢીયાનો સંપર્ક કરવો.

# શ્રી ઘોઘારી લોહાણા

# સંદેશ





ને હાર્દિક શુભેચ્છા

જનક ચીમનલાલ ઠક્કર

સ્મીતા જનક ઠક્કર

કપિલ જનક ઠક્કર

હંસલ જનક ઠક્કર

નેહલ કપિલ ઠક્કર

પ્રિયા હંસલ ઠક્કર

આર્યન, માયરા, પુષ્ટી, ધારણ

માતુશ્રી જસવંતીબેન ચીમનલાલ કન્યાશાળા (બાબરા)

શેઠશ્રી ચીમનલાલ પુરશોતમદાસ કુમારશાળા (બાબરા)

# મહાપરિષદ અહેવાલ




શ્રી લોહાણા સમાજ - નવી મુંબઈના યજમાનપદે, શ્રી લોહાણા મહાપરિષદ - રમત ગમત સમિતિ આયોજિત માતોશ્રી પાર્વતીબેન નરસિંહદાસ કાથરાણી આંતરરાષ્ટ્રીય રઘુવંશી ક્રિકેટ ટુર્નામેન્ટ તા. ૨૨/૨૩/૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૦ના નવી મુંબઈ સ્પોર્ટ્સ એસોસિયેશન ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવ્યું હતું.

વિદેશ વિભાગ, મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગ, દક્ષિણ ભારત વિભાગ, ઉત્તર પૂર્વ વિભાગ, વિદર્ભ વિભાગ, ગુજરાત વિભાગ, કચ્છ વિભાગ અને સૌરાષ્ટ્ર વિભાગ એમ આઠ ક્રિકેટ ટીમે ભાગ લીધો હતો. મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગે ૫(પાંચમી) મીવખત જીત મેળવી હતી.

શ્રી ઘોઘારી લોહાણા મહાજનના નેજા હેઠળ ટ્રસ્ટી શ્રીમતી રશ્મીબેન સતીષભાઈ વિઠલાણી પરિવાર દ્વારા મુંબઈ સહ મહારાષ્ટ્ર ક્રિકેટ ટીમને પ્રાયોજીત કરવામાં આવી હતી.

શ્રી ઘોઘારી લોહાણા મહાજનની ક્રિકેટ ટીમના ૨(બે) ખેલાડી શ્રી અમન સુરૈયા તથા શ્રી સુજય ઠક્કરે પણ ભાગ લીધો હતો. જેમાં અમન સુરૈયાએ પહેલી મેચમાં મેન ઓફ ધ મેચનો એવોર્ડ પ્રાપ્ત કર્યો હતો અને શ્રી સુજય ઠક્કરે ફાયનલ મેચમાં બેસ્ટ વિકેટ કિપરનો એવોર્ડ મેળવ્યો હતો.






 

શ્રી ઘોઘારી લોહાણા મહાજન મુંબઈના યુવા ટ્રસ્ટી શ્રી કૃણાલભાઈ ગઢિયા તથા કમિટી મેમ્બર શ્રી જયસુખભાઈ મશરૂના પુત્ર જીત જયસુખભાઈ મશરૂ ને માતૃ સંસ્થા શ્રી લોહાણા મહા પરિષદ દ્વારા તારીખ ૨૩.૦૨.૨૦૨૦ના રોજ કોપર ખૈરાણે, નવી મુંબઈ ખાતે યોજાયેલ આંતરરાષ્ટ્રીય યુવા અધિવેશન દરમિયાન યુવા શક્તિ એવોર્ડ દ્વારા નવાજવામાં આવ્યાં હતાં.

## ખાસ નોંધ

જે સભ્યોને હૉસ્પિટલ ખર્ચ માટેની મદદ જોઈતી હોય તેમણે હૉસ્પિટલમાં દાખલ થનાર સભ્યનું નામ, ઉંમર, સભ્ય ક્રમાંક, રોગની વિગતો, હૉસ્પિટલનું નામ, એડ્રેસ આ બધી જ વિગતો દર્દીને દાખલ કરે તે જ દિવસે વોટ્સએપ દ્વારા મોબાઈલ નં. ૯૯૮૭૨ ૪૦૪૦૪ પર મેસેજ દ્વારા મોકલવો ફરજીયાત છે. આ પ્રકારના સંદેશ વગરનો કોઈપણ કલેઈમ સ્વીકારવામાં આવશે નહીં.

## જ્ઞાતિજનોના સરનામા વિશે ખાસ

આથી સર્વે જ્ઞાતિજનોને જાણ કરવાની કે, જે સભ્યોના રહેઠાણના સરનામા બદલાઈ ગયા હોય, તેમ જ અંક કે સરક્યુલર ન મળતા હોય, કે ડબલ મળતા હોય તેમને મહાજનશ્રીના કાર્યાયમાં અંધેરી ખાતે રૂબરૂ અથવા ટપાલ દ્વારા અથવા વોટ્સઅપ પર યોગ્ય સરનામાની જાણ કરવા વિનંતી. મોબાઈલ નં.: ૯૯૮૭૨ ૪૦૪૦૪


સ્થાપના : રામનવમી ૧૯૮૧

# લોહાણા મિલન

૨૦/૨૧, સિલ્વર સેન્ડસ, લોખંડવાલા લીંક રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૧૦૨.

ગુરૂવાર, તા. ૦૨.૦૪.૨૦ ના રામનવમી થી શરૂ થતાં **'મિલન'** ના ૪૦ માં જન્મ દિવસે આપ સૌ ગુલમહોરી મિત્રોને **'મિલન'** માં સભ્ય થવા ઈજન પાઠવે છે.

## ૪૦માં વર્ષે મિલનના કાર્યક્રમોની ઝલક

- ★ વર્ષના ૬/૭ ડીનર સાથેના કાર્યક્રમો તથા લક્કી ડ્રો દ્વારા ઈનામો.
- ★ ૧ વરસાદી પીકનીક - ૧ DOMESTIC TOUR - ૩/૪ નાટક/પીકચર.
- ★ ૪૦મા વર્ષના અંતિમ કાર્યક્રમની જબરદસ્ત ઉજવણી સાથે એક આકર્ષક ગીફ્ટ.
- ★ રામનવમી તારીખ ૦૨.૦૪.૨૦૨૦ના કાર્યક્રમ પહેલા સભ્ય થનાર (નવા/જુના) ને એક અનોખી ભેટ.

## ૪૦માં વર્ષની સભ્ય ફી

દંપતિ સભ્ય ફી : રૂા. ૧૦,૫૦૦/- સિંગલ સભ્ય ફી : રૂા. ૫,૫૦૦/-

બાળ સભ્ય ફી : રૂા. ૫,૦૦૦/- (તારીખ ૩૦.૦૩.૨૦૧૨ પછી જન્મેલા). દાખલ ફી રૂા. ૧,૦૦૦/- ફોર્મ દિઠ.

(Cheque in the Name of **"LOHANA MILAN"**)

## સભ્ય થવા માટે સંપર્ક

| | | |
|---|---|---|
| પ્રમુખશ્રી | - શ્રી ગીરીશ ઠક્કર | : ૯૮૨૧૧૫૮૯૩૩ |
| તત્કાલીન પ્રમુખ | - શ્રી જયંત તન્ના | : ૯૩૨૨૨૭૦૪૪૫ |
| ઉપપ્રમુખ | - શ્રી પ્રવિણ વજાણી | : ૯૮૬૯૨૦૨૫૩૬ |
| માનદ્‌મંત્રી | - શ્રી હરેશ ફાફડીયા | : ૯૮૨૧૪૮૪૮૦૦ |
| માનદ્‌મંત્રી | - શ્રી નરોત્તમ મીરાણી | : ૯૮૨૧૩૧૩૩૦૭ |
| ખજાનચી | - શ્રી ધર્મેશ તન્ના | : ૯૯૬૭૯૦૦૪૯૯ |
| ખજાનચી | - શ્રી હિમાંશુ દેવાણી | : ૯૯૬૭૫૦૨૧૬૧ |

# શ્રી ઘોઘારી લોહાણા મહિલા સમાજ

## પૌંક પાર્ટી સાથે લીલોતરી વાનગી હરીફાઇ





શ્રી ઘોઘારી લોહાણા મહિલા સમાજ - અંધેરીમાં વિવિધ કાર્યક્રમોનો રસથાળ પીરસતો રહે છે. વિવિધ ઋતુઓ મુજબ, વિવિધ ઉત્સવો મુજબનું સફળ આયોજન એ અહીંની વિશેષતા છે. આવો જ એક સુંદર કાર્યક્રમ પૌંક પાર્ટી સાથે લીલા શાકભાજીની વાનગી હરીફાઈ. શ્રી ઘોઘારી લોહાણા મહાજન વાડી, અંધેરી ખાતે તારીખ ૨૬.૧૨.૨૦૧૯ના શુક્રવારે યોજાયો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં પ્રમુખ તરીકે શ્રીમતી પ્રિતીબેન સોઢાને સહુએ ખૂબ જ સન્માનપૂર્વક વધાવ્યા હતાં. શ્રીમતી પ્રિતીબેને બધા ટ્રસ્ટીઓ તથા બધા જ પદાધિકારીઓનો પરિચય કરાવ્યો હતો તથા આત્મીયતાપૂર્વક સહુનો સાથ સહકાર મળતો રહે એવી અપેક્ષા સાથે બધાનું સ્વાગત કર્યું હતું.

પૌંક અને પૌંક વડાનો અલ્પાહાર, લીલા શાકભાજી માંથી બનેલી વાનગીઓની હરીફાઈ અને હાઉઝીની રમત આ ત્રિવેણી સંગમથી બધાએ ખૂબ જ મજા લૂંટી હતી. વાનગી હરીફાઈમાં ઘણી બહેનોએ ભાગ લઈ પોતાની રસોઈ કલાને દર્શાવી હતી અને સુંદર ડેકોરેશન સાથે વાનગી પ્રસ્તુત કરી હતી. જજ તરીકે અધ્યક્ષ અને ટ્રસ્ટી શ્રીમતી રશ્મિબેન વિઠલાણી, પ્રમુખ શ્રીમતી પ્રિતીબેન સોઢા તથા ટ્રસ્ટી શ્રીમતી ચંદ્રિકાબેન તન્નાએ ખૂબ જહેમતથી આ હરીફાઈમાં ૪(ચાર) શ્રેષ્ઠ વાનગીને પસંદ કરી હતી. હરીફાઈના બધા જ ઈનામો તથા હાઉઝીના ઈનામો અધ્યક્ષ અને ટ્રસ્ટી શ્રીમતી રશ્મિબેન વિઠલાણી તરફથી આપવામાં આવ્યા હતાં. વાનગી હરીફાઈમાં ભાગ લેનાર દરેક બહેનોને પ્રમુખ શ્રીમતી પ્રિતીબેન સોઢા તરફથી સર્ટીફિકેટ પણ આપવામાં આવ્યા હતાં. ટ્રસ્ટી શ્રીમતી ભાવનાબેન તન્નાએ સરસ રીતે હાઉઝી રમાડી હતી.

પૌંક પાર્ટીમાં અલ્પાહાર સહસંયોજક ઉપપ્રમુખ શ્રીમતી કલ્પનાબેન પોપટ તરફથી રાખવામાં આવેલ હતો. આખો કાર્યક્રમ બહેનોની વિશાળ હાજરી અને ઉત્સાહથી દિપી ઊઠયો હતો.



## હલદી કુમ-કુમ





શ્રી ઘોઘારી લોહાણા મહિલા સમાજનો હલદી કુમ કુમનો કાર્યક્રમ તારીખ ૩૧.૦૧.૨૦૨૦ ના શુક્રવારે યોજાયો હતો. સભ્ય બહેનોની વિશાળ હાજરીથી કાર્યક્રમ દિપી ઊઠયો હતો.

બધી જ બહેનો પરંપરાગત રીતે સજી ધજીને આવી હતી. સહુને હલદી કુમ કુમનો ચાંદલો કરી આવકારવામાં આવ્યા હતા. બધા એક-બીજાને ઉત્સવની શુભેચ્છાઓ પાઠવતા હતાં.

ત્યારબાદ તૈયાર થઈને આવનાર બહેનોએ કેટવૉક કરીને પોતાની પ્રતિભાનું સુંદર પ્રદર્શન કર્યું હતું.

સરસ તૈયાર થઈને આવનાર બહેનોને ૫(પાંચ) બેસ્ટ ડ્રેસ ઈનામો પણ આપવામાં આવેલ હતાં.

પ્રથમ આવનાર ૨૫ (પચ્ચીસ) બહેનોને ૨૫ (પચ્ચીસ) લક્કી ઈનામો પણ આપવામાં આવેલ હતા. પ્રમુખ શ્રીમતી પ્રિતીબેન સોઢા તથા ટ્રસ્ટી શ્રીમતી ભાવનાબેન તન્નાએ સરસ મજાની અંતાક્ષરી રમાડી હતી. બધાને ખૂબ જ મજા આવી હતી. કાર્યક્રમ બાદ બધી જ બહેનોને એક ટોકન ગીફ્ટ તથા અલ્પાહાર આપવામાં આવ્યા હતાં.

આ પૂરા કાર્યક્રમના સંયોજક ટ્રસ્ટી શ્રીમતી રજનીબેન સાયાણી તથા સેક્રેટરી શ્રીમતી માધવીબેન સાયાણી હતાં.





## સુધારો

**ઑક્ટોબર થી ડિસેબર ૨૦૧૯ના અંકમાં શ્રી ઘોઘારી લોહાણા મહિલા સમાજના રજત જયંતિ તથા દિવાળી સંમેલનના લેખમાં શરત ચૂકથી ટ્રસ્ટી શ્રીમતી રમાબેન જયંતિભાઈ રાજાએ રૂા. ૧૦,૦૦૦/- લોહાણા મહિલા સમાજને તથા રૂા. ૧ લાખ અનાજ સહાયમાં લખાયેલ હતું. જે રૂા. ૧ લાખ લોહાણા મહિલા સમાજને અને રૂા ૧ લાખ અનાજ સહાયમાં આપેલ હતાં. તેમ વાંચવું. શરત ચૂક થવા બદલ દિલગીર છીએ.**

## અભિનંદન



**સૌમૈયા ઈતાશિ ઉત્કર્ષભાઈ જીગ્નાબેન**

એશિયન સુડોકુ ચેમ્પીઅનશીપ અંડર - ૧૦ એજ ગ્રુપ જાન્યુઆરી ૨૦૨૦માં ભારતદેશ તરફથી ભાગ લેનાર શ્રી ઘોઘારી લોહાણા મહાજન મુંબઈના કમિટી મેમ્બર શ્રી ભદ્રેશભાઈ સૌમેયાના પૌત્રી કુ. ઈતાશિ એ સિલ્વર મેડલ જીતીને ભારત દેશ તથા આપણી લોહાણા જ્ઞાતિનું ગૌરવ વધાર્યું છે. શ્રી ઘોઘારી લોહાણા મહાજન તેમને અભિનંદન પાઠવે છે.





Best quality T shirts in various designs & colours are now available on

Amazon

under brand name

**Forty Degree.**

*Also availabe at our show room :*

**NOBLE HOUSE**

105/109, Ravikiran Industrial Estate, Off. Link Road, Near Monginis, Andheri (West), Mumbai - 400 053.

*For more enquiry and for corporate orders*

**Contact : 9821012462**



**Mr. RAJNIKANT NANDLAL GADHIA**
**+91 98690 41875**

**Mr. RAJAN R GADHIA**
**+91 98203 03034**

# R R INNOVATIVE PVT. LTD.

# R NANDLAL & SONS

**IMPORTERS, STOCKIST & DISTRIBUTERS :-**

**CHEMICALS / SOLVENTS**

OFF. :- B-9/10, KANMOOR HOUSE, 281/287 NARSHI NATHA STREET,
MASJID BUNDER, MUMBAI - 400 009.
TEL. : (O) +91 - 022 6120 7777 • FAX : +91 - 022 6120 7760 / 70
E-mail : chem@rrgroupindia.com • Website : www.rrgroupindia.com

# ક્રિકેટ - મીડ ડે કપ




મીડ ડે કપ ૨૦૨૦માં ઘોઘારી લોહાણા ટીમે તેની પહેલીલીગ મેચમાં ૪૯ રનથી જીત મેળવી હતી. ટીમનાં સુજય ઠક્કરે ૩૩ બોલમાં ૮ સિકસર અને ૫ ફોર સાથે ૭૯ રન બનાવ્યાં હતાં. તેને મેન ઓફ ધ મેચનો એવોર્ડ મળેલ. વિકેટ કિપર પાર્થ વિઠલાણીએ ૩ કેચ પકડયાં હતા અને બોલર અમિત અને ડૉ. ઈશાન ઠક્કરે બે બે વિકેટ ઝડપી હતી.

૮મી માર્ચની ૨જી મેચમાં પણ આપણી ટીમે જીત મેળવી હતી. અમન સુરૈયાને મેન ઓફ ધ મેચ એવોર્ડ મળેલ.

૧૪મી માર્ચની ૩જી મેચમાં પણ આપણી જીત થઈ હતી. જય રાજપોપટને મેન ઓફ ધ મેચ એવોર્ડ મળેલ.

ઘોઘારી લોહાણા મહાજનની ક્રિકેટ ટીમનું આ ફકત ચોથું વર્ષ જ છે. જ્યારે ઘણી ટીમો ૧૦ થી ૧૨ વર્ષથી આ ટુ ભાગ લઈ રહી છે.

મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અજીતભાઈ ઠક્કર દ્વારા મેન ઓફ ધ મેચને રૂા. ૧,૦૦૦/- નું રોકડ ઈનામ પણ આપવામાં આવે છે.

આ ટુનામેન્ટને સફળ બનાવવા પાછળ શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયા તથા શ્રી વિદ્યુતભાઈ સાયતા અને શ્રી વિજયભાઈ વસાણીનો અમૂલ્ય ફાળો રહ્યો છે. ટીમનાં કેપ્ટન શ્રી યોગેશ વસાણી તથા ટીમને શાનદાર પ્રદર્શન બદલ ખૂબ ખૂબ અભિનંદન. બાકીની મેચો માટે પણ શ્રી ઘોઘારી લોહાણા મહાજન મુંબઈના ટ્રસ્ટીગણ તથા સમસ્ત સમાજ તરફથી શુભેચ્છા!



# શ્રી લોહાણા યુવક મંડળ (અંધેરી-પાર્લા) મુંબઈ




શ્રી લોહાણા યુવક મંડળ મુંબઈ (અંધેરી-પાર્લા) ના ઉપક્રમે યોજાયેલ દિવાળી સ્નેહ મિલનનો કાર્યક્રમ સફળતા પૂર્વક સંપન્ન.

રવિવાર, તારીખ ૧૫.૧૨.૨૦૧૯ના રોજ દિવાળી સ્નેહ મિલનનો કાર્યક્રમ પ્રમુખ શ્રી જયેશભાઈ જોબનપુત્રાના નેતૃત્વ હેઠળ શ્રી ઘોઘારી લોહાણા મહાજન વાડી, પાલીરામ રોડ, અંધેરી (વેસ્ટ) ખાતે સાંજે ૬.૦૦ કલાકે યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. કાર્યક્રમના સંચાલક શ્રી વિદ્યુતભાઈ સાયતાએ સૌ પ્રથમ ઉપસ્થિત સર્વે મહેમાનોનું સ્વાગત કરતા શુભેચ્છા પાઠવી હતી. ત્યારબાદ આગામી કાર્યક્રમોની વિસ્તૃત પણે સમજણ પૂરી પાડી હતી અને જણાવ્યું હતું કે વખતો વખત આગામી કાર્યક્રમોના મેસેજ પણ સર્વેને મળતા રહેશે. આ ઉપરાંત તે દિવસે રમત-ગમતના કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉપસ્થિત સર્વે સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

ત્યારબાદ સર્વે મહેમાનોએ મંડળ તરફથી આયોજિત રાત્રી જમણનો આસ્વાદ માણ્યો હતો અને દરેકને કપલ દિઠ મંડળ તરફથી ૧(એક) ભેટ આપવામાં આવી હતી.

પ્રમુખ શ્રીમાન જયેશભાઈ જોબનપુત્રાએ ઉપસ્થિત સર્વે મહેમાનો તથા સભ્યોનો કાર્યક્રમને સફળ બનાવવા માટે હૃદયપૂર્વક આભાર માન્યો હતો.








# POOJA®

Beautifully Yours

**YOUR ONE STOP DESTINATION FOR FASHION JEWELLERY AND ACCESSORIES**

• Mulund - Tel.: 25928189 • Borivali - Tel.: 2899819 • Andheri (W) - Tel.: 2639 8191
• Bandra - Tel.: 2605 8191 • Ghatkopar - Tel.: 21028191 • Vashi - Tel.: 2780 8191
• Dadar - Tel.: 24368191 • Mira Road - Tel.: 28118191 • Fort - Tel.: 2207 3531 • Churchgate - Asiatic Department store.

Print Master

Chic Ethnics

**BHARAT SEJPAL**
+91 - 7738238623
+91 - 8779618302

## AVNI DESIGNS

202, Chintamani Kutir,
Plot No. 504, Azad Road,
Near Swami Narayan
Atithi Bhavan,
Vile Parle (East),
Mumbai - 400 057. INDIA
Tel.: 91-22-2613 3184
91-22-2615 3336
91-22-2612 6111
Fax : 91-22-2618 5007
E-mail : avnidesi@vsnl.com
avnidesi@mtnl.net.in
avnidesi@gmail.com


## મીસ્ડકોલ સર્વિસ

મહાજનશ્રીના સભ્યોને આપણા મહાજનની પ્રવૃત્તિઓની જાણ એસ.એમ.એસ. દ્વારા થઈ શકે તે માટે મહાજનશ્રી દ્વારા મીસ્ડકોલ સર્વિસ ચાલુ કરવામાં આવેલ છે. સભ્યોએ નીચે જણાવેલ નંબર પર પોતાના મોબાઈલમાંથી એક મીસ્ડકોલ ૦૨૨૬૮૧૪૯૬૬૦ નંબર પર આપવાનો રહેશે. આપનો નંબર ત્યાં રજીસ્ટર થઈ જશે અને આપને દર વખતે મહાજનની પ્રવૃત્તિઓ તથા કાર્યવાહીની જાણ એસ.એમ.એસ. દ્વારા થશે.


**JATIN V. POPAT**
Cell : 9223432745

**MITHUN J. THAKKAR**
Cell : 9223508909
9820004830

## HETAL CHEM IMPEX
## PRABHAT TRADING CO.

Importers & Dealears In Chemicals & Solvents

606/607, Crystal Paradise Co-op Society Ltd.,
Opp. Skoda Show Room, D. S. Marg,
Off. Veera Desai Road,
Andheri (West), Mumbai - 400 053, India

Tel.: 91 22 4903 2121
E-mail : sales@hetalchem.com
Website : www.hetalchem.com

# સ્કીલ ડેવલપમેન્ટ અને વોકેશનલ ગાઈડન્સ સેમિનાર






શ્રી ઘોઘારી લોહાણા મહાજન મુંબઈના ઉપક્રમે તારીખ ૨૯.૦૨.૨૦૨૦ શનિવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે શ્રી ઘોઘારી લોહાણા મહાજન વાડી, અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૮ ખાતે યોજાયેલ સ્કીલ ડેવલપમેન્ટ અને વોકેશનલ ગાઈડન્સ સેમિનાર સફળતાપૂર્વક સંપન્ન.

શ્રી ઘોઘારી લોહાણા મહાજન મુંબઈ ઘણા વર્ષોથી આપણા સમાજને કંઈક નવું આપવાનો સતત પ્રયાસ કરી રહ્યું છે. તો આ વર્ષે પણ મહાજને આપણા સમાજના ઈચ્છુક સભ્યોને સક્ષમ બનાવવાના હેતુથી તથા તેઓ સ્વમાનભેર જીવન જીવી શકે તેવી ઉદ્દેશ્યથી સ્કીલ ડેવલપમેન્ટના કાર્યક્રમનું આયોજન કરેલ હતું.

આ સેમિનારનું ઉદ્‌ઘાટન લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક તથા તેમના સહયોગીઓના વરદ હસ્તે જલારામ બાપાને યાદ કરીને કરવામાં આવ્યું હતું. શ્રી ઘોઘારી લોહાણા મહાજનના પ્રમુખ શ્રી સતીષભાઈ વિઠલાણી, મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અજીતભાઈ ઠક્કર, ટ્રસ્ટી શ્રીમતી જ્યોતીબેન ઠક્કરે પુષ્પગુચ્છ અર્પણ કરી શ્રી પ્રવિણભાઈ કોટકનું બહુમાન કરીને તેમની આટલી વ્યસ્ત જીવનશૈલીમાં પણ સમય કાઢીને કાર્યક્રમમાં હાજર રહેવા બદલ આનંદ વ્યક્ત કરી આભાર માન્યો હતો. તેના પ્રત્યુતરમાં શ્રી પ્રવિણભાઈએ જણાવ્યું હતું કે, અહીં કાર્યક્રમમાં આવવાથી તેમને જ્ઞાતિગંગાના દર્શનનો લ્હાવો મળ્યો હતો. આપે શ્રી ઘોઘારી લોહાણા મહાજન તથા શ્રી ખીમજી ભગવાન ચેરીટેબલ ટ્રસ્ટનો માતૃસંસ્થા લોહાણા મહાપરિષદને હંમેશા સહયોગ આપવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો અને વધુમાં ટ્રસ્ટી ધર્મીબેન મગદાણી તથા તેમની સ્કીલ ડેવલપમેન્ટની ટીમને આવા કાર્યક્રમો યોજવા બદલ બિરદાવી હતી.

આપણા દેશમાં ઘણા વ્યવસાયલક્ષી અને રોજગારલક્ષી કૌશલ્યવર્ધન કેન્દ્રો ચાલી રહ્યા છે પરંતુ એ વિશેનું આપણને જ્ઞાન નથી તો એ વિશે આપણને સંપૂર્ણ માર્ગદર્શન મળે તે માટે નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશનના શ્રીમાન સોબિન્સ કુરિઆકોઝ તથા શ્રીમતી ફાલ્ગુનીબેન વોરાને આમંત્રિત કરવામાં આવ્યા હતા. શ્રીમાન સોબિન્સ કુરિઆકોઝે તેના માર્ગદર્શન દરમ્યાન એક ડોકયુમેનટરી ફિલ્મ દર્શાવી હતી અને જણાવ્યું હતું કે,

**"શેરો કે સર પર તાજ નહી હોતે,**
**જિન કે હાથો મે હુન્નર હોતા હૈ,**
**વહ કિસી કે મોહતાજ નહી હોતે."**

આ ઉપરાંત તેમણે સેમિનારમાં બહોળી સંખ્યામાં હાજર રહેલા સર્વે સભ્યોને ફોર્મ ભરાવી તેમની સાયકોમેટ્રીક ટેસ્ટ લઈને સર્વેને પોતાના રસના વિષયથી અવગત કરાવ્યા હતા. અને તેમાં આગળ વધવા પ્રોત્સાહિત કરતા આજે આપણી સરકાર દ્વારા આ માટે કયા કયા કોર્સ ચાલી રહ્યા છે અને સંપૂર્ણ માહિતી ગુગલ પરથી મેળવવાની તથા તેની જરૂરી વેબસાઈટની લિંક પણ તેમણે જણાવી હતી. એકંદરે કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો હતો. કાર્યક્રમમાં હાજર રહેલા સભ્યોએ આવા માહિતી સભર કાર્યક્રમ યોજવા બદલ મહાજનનો આભાર વ્યક્ત કરતા વધુમાં વધુ આવા કાર્યક્રમો યોજાય તેવી

ઈચ્છા દર્શાવી હતી. ત્યારબાદ શ્રી ઘોઘારી લોહાણા મહાજન તરફથી યોજાયેલ અલ્પાહારનો ઉપસ્થિત સર્વે સભ્યોએ આસ્વાદ માણ્યો હતો અને કાર્યક્રમને વિરામ અપાયો હતો.

આ કાર્યક્રમની સફળતાનું શ્રેય મહાજનના પ્રમુખ શ્રી સતીષભાઈ વિઠલાણી, શ્રીમતી જ્યોતીબેન ઠક્કર, ધર્મીબેન મગદાણી, શ્રી પ્રકાશભાઈ મગદાણી, સ્કીલ ડેવલમેન્ટની ટીમ તથા કારોબારીના દરેકે દરેક સભ્યોના સંપૂર્ણ સહકારને જાય છે.



## અભિનંદન



ઠાકોરજી અને જલારામ બાપાની અસીમ કૃપાથી કર્મઠ પ્રમુખ શ્રી સતીષભાઈ દત્તાણીનાં નેતૃત્વમાં જ્ઞાતિજનોનો વિશ્વાસ અને અગ્રણીઓનાં ટીમ વર્કના હિસાબે શ્રી હાલાઈ લોહાણા મહાજન, મુંબઈની ચૂંટણીમાં પ્રગતિ પેનલનાં તમામ ૬૪(ચોસઠ) કારોબારી સદસ્યો અને ૫(પાંચ) ટ્રસ્ટીઓ નિર્વિરોધ ચૂંટાઈ આવ્યા એ બદલ સૌને ખૂબ ખૂબ અભિનંદન.

જ્ઞાતિ એકતા અને સંગઠન માટે પોતાની ઉમેદવારી પાછી ખેંચનાર તમામ ઉમેદવારો, સાથ સહકાર બદલ સૌ કાર્યકર્તાઓ અને જ્ઞાતિજનો નો ખૂબ ખૂબ આભાર.

ચૂંટણી સમિતિનાં તમામ પદાધિકારીઓ અને કાર્યકર્તાઓને સુંદર કામગીરી બદલ ખૂબ ખૂબ અભિનંદન.


## શ્રી લોહાણા મેરેજ બ્યુરો

-: સમય :-
સોમ થી શનિ :-
૧૦ થી ૧
સાંજે ૪ થી ૭
રવિવાર : ૧૦ થી ૧



**વસંતભાઈ ઉનડકટ**
મોબાઈલ: ૯૮૨૦૬ ૪૪૪૭૩
વોટ્સઅપ : ૭૦૨૧૦ ૬૩૫૮૧
ફોન : ૦૨૨ - ૨૮૦૭ ૪૬૮૧

**Abroad India Highly Qualified** કુંવારા, સગપણ તુટેલા, ડિવોર્સી, વિધુર, મોટી ઉંમરના વેલસેટ ફેમીલીના યુવક - યુવતી સંપર્ક.

જી-૬, ઘનશ્યામ નગર (બેક સાઈડ), રેલ્વે સ્ટેશનની બાજુમાં, સિને મેક્સ (સોના ટોકીઝની) બાજુમાં, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૭. **E-mail : lohanamarriage@gmail.com**


## નોકરી માટે માર્ગદર્શન

નોકરીની જરૂરિયાતવાળા મહાજનના સભ્યોને જરૂરિયાત તથા લાયકાત પ્રમાણે નોકરી મેળવવામાં મદદ કરવામાં આવશે. નોકરીની જરૂરિયાતવાળા મહાજનના સભ્યો, ભાઈઓ તથા બહેનોએ પોતાનો સંપૂર્ણ બાયોડેટા, ફોટા સાથે મહાજનની અંધેરી ઑફિસે જમા કરવા. સંપર્ક : ૯૯૮૭૨ ૪૦૪૦૪

A touch of Art to turn
the ordinary into extraordinary.

**BEST WISHES
FROM
RASHMI & SATISH
VITHALANI**



When it's a matter of beauty and grace, there is always a need for a special touch of the extraordinary, to bring out the elegance within. This is where we come in. With over two decades of experience in the manufacture and export of a wide range of superior quality Beads, Chatons, Cup Chains, Hot Fix etc., Art Group has become a name to be reckoned with, both in the domestic and international market.

OUR PRODUCT RANGE
- Glass Seed Beads
- Pressed Glass Beads
- Fire Polished Faceted Glass Beads
- Machine Cut Glass Beads
- Machine Cut Loch Roses
- Machine Cut Chaton Roses (Hotfix)
- Machine Cut Chatons
- Brilliant / Extra Brilliant Chatons
- Fire Polished Moulded Chatons
- Cup Chains
- Sew on Cups



Art Group's products help embellish
• Fashion Jewellery • Hair Accessories • Garment Embellishments • Prayer bead chains and strings
• Handicrafts • Ladies handbags and other fashion accessories • Decorative items • Trimmings • Footwear
• Light Fittings • Curtains • Body Tattoos • Cell Phones • Laptops and other electronic devices.

Parent Brand KRUPA ™

ART GROUP ™

Head Office : 5/32, 2nd Panjrapole Lane, C.P. Tank Road, Mumbai 400004, India
Tel. - +91-22-2242 6064 / +91-22-2242 6080 | Fax - +91-22-2242 3376 | E-mail: sales@artgroupindia.com | Web : www.artgroupindia.com



www.osakafurnishings.com
"CHRISTMAS - EXCHANGE OFFER"
GET UP TO 60% DISCOUNT ON FURNISHINGS
કર્ટન ફેબ્રીક્સ | સોફા ફેબ્રીક્સ | રેડીમેડ કર્ટન્સ | હોમ અને બાથ લિનન | કુશન કવર્સ-પીલો
કાર્પેટ્સ | મેટ્રેસીસ | સોફા બેક | રીમોટ કન્ટ્રોલ્ડ કર્ટન્સ | કર્ટેઈન રોડ્સ | વૉલ પેપર્સ
બધી અગ્રગણ્ય બ્રાન્ડસના કેટલોગ્સ ઉપલબ્ધ છે | સ્ટિચીંગની સુવિધા
ઈન્ટીરિયર ડિઝાઈનિંગ સર્વિસીસ | NRI ગ્રાહકો માટે ખાસ કુરીઅર સેવા
બોરીવલી (વે)
હેડ ઑફિસ અને શોરૂમ :
પોઈસર બસ ડેપોની બાજુમાં, એસ.વી. રોડ.
ફોન : ૨૮૬૧૨૯૫૫ / ૫૬ / ૫૭ / ૯૩૨૨૭૦૪૫૨૪/૨૫
વિલેપાર્લે (વે)
મેક ડોનાલ્ડ સામે, નિર્મળ બિલ્ડિંગ,
દશરથલાલ જોશી માર્ગ.
ફોન : ૨૬૧૪૬૦૦૮ / ૨૬૧૨૨૧૨૪ / ૯૧૬૭૪૪૪૧૭૨
રાજકોટ (વે)
વિરાર (વે)
Trusted Since 1971
OSAKA
SPIRIT OF FURNISHINGS
OSAKA FURNISHINGS LIMITED
For Export & Corporate queries call : 93727 07524 / 25
www.osakafurnishings.com | Email: osaka1971@gmail.com
Showrooms Open All Days

# Centralised location for Pilgrims & Tourists



## Khimji Bhagwandas Arogya Bhavan

Khimji Bhagwandas Arogyabhavan is strategically located on the banks of the holi river, in Panchavati.This place is known for pilgrimage & has significant religious significance for Hindus with a temple complex on the bend of the Godavari river, which includes Kalaram Temple.
Driving distance from highway (Dwarka Naka) is approx 10min.



**Profit if any earned from this Arogya Bhavan is utilized for Charity purpose**

### Key features

* 14 Air conditioned rooms with attached bathroom with hot & cold water.
* 2 Air conditioned Banquet halls measuring about 4000 sq.ft. each.
* Room charges per day - Rs 1950/- plus taxes for 2 pax which include complimentary Breakfast, lunch, evening tea & dinner.
* Extra person in room - Rs 800/-plus taxes for each pax which include complimentary Breakfast, lunch, evening tea & dinner. (maximum 2 pax )
* Room for Lohana community - Rs 1500/- plus taxes per day for 2 pax which include complimentary Breakfast, lunch, evening tea & dinner and Extra person in room - Rs. 500/- plus taxes for each pax.
* Car parking and Driver Charges Extra.

## For information & reservation

Sardar Chowk, Muthe Gali, Panchvati, Nasik - 422003
Tel : +91 253 2512724 / 2510426, +91 8928289929 Fax : +91 253 2512724
Email ID : khimjibhagwandas@gmail.com Web : www.khimjibhagwandascharitytrust.org

*If undelivered please return to :*

**From :**

**Ghoghari Lohana Samajik Sandesh**

Lohana Bhuvan, Paliram Road, Andheri (West), Mumbai - 400 058.

Printed and Published by SATISH D. VITHALANI on behalf of SHREE GHOGHARI LOHANA MAHAJAN, Printed at THAKKAR CREATION 1, NEW JALARAM NIKETAN, M. D. ROAD, KANDIVALI (EAST), MUMBAI 400 101 and Published from SHREE GHOGHARI LOHANA MAHAJAN, BLOCK A, LOHANA BHUVAN, GROUND FLOOR, PALIRAM ROAD, BEHIND MUNICIPAL HOSPITAL, ANDHERI (WEST), MUMBAI 400 058. Editor : RAMESH HIRALAL GADHIA